# મોડ્યુલ- GJ 2
# 'ક્ષમતા આધારિત શિક્ષણ તરફ પ્રયાણ'

શિક્ષકનું નામ : ડાભી રાજેશ ધનજીભાઈ મો.નં.:- ૯૦૯૯૪૯૮૯૪
શાળાનું નામ : શ્રી સારંગવાડા પ્રાથમિક શાળા તા – અબડાસા જિ- કચ્છ

★ કોર્સની ઝાંખી :-
કોર્સ ની સૂચના અગાઉના મોડ્યુલ પ્રમાણે અહીં આપી હતી. પ્રમાણપત્ર કેવી રીતે ડાઉનલોડ કરવું તેની પણ માહિતી આપી હતી.

★ પરિચય :-
આમાં સૌ પ્રથમ 4 મિનિટનો વિડિયો બતાવવામાં આવ્યો. આ વીડિયોમાં ક્ષમતા આધારિત શિક્ષણ અને અધ્યયન નિષ્પતિઓ નો પરિચય આપવામાં આવ્યો. આ વિડીયો હિન્દીમાં હતો. ક્ષમતા આધારિત શિક્ષણ ની વિસ્તૃત સમજ આપી હતી. બાળકો ક્ષમતા આધારિત શિક્ષણ શીખે તેનું મૂલ્યાંકન કરવું અને બાળકોને કોઈ મુશ્કેલી અનુભવે અને ત્યારે શિક્ષક અને વિદ્યાર્થી સાથે મળીને સમસ્યાનું સમાધાન શોધી તેની સમજ આપી હતી.

★ ક્ષમતા આધારિત શિક્ષણ ની સંકલ્પના:-
વિવિધ ક્ષેત્રમાંથી વિવિધ અનુભવ ધરાવતા બાળકો પ્રવેશે છે. તે તમામ બાળકો સમયમર્યાદામાં અધ્યયનના તમામ ક્ષેત્રમાં પારંગતતા પ્રાપ્ત કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

☯ પ્રવૃત્તિ- ૧ : તમારું ચિંતન રજૂ કરો ☯

જેમાં એક્ટિવિટી પેજ પર એક લિંક આપેલ હતી. તે લીંક ઓપન કરી પોતાના પ્રતિભાવો આપવાના હતા.જે આપ્યા.

★ અધ્યયન નિષ્પતિ:-
અધ્યયન નિષ્પતિઓ શું છે?
અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓ માહિતી, જ્ઞાન, સમજ, વલણ, મૂલ્યો, કૌશલ્યો અને વર્તમાનમાં પ્રાપ્ત કરેલી સંપૂર્ણ અપેક્ષિત અધ્યયન નિષ્પતિ વ્યાખ્યાયિત કરે છે. દરેક વિષયના ક્ષેત્રમાં બાળક નું પ્રદર્શન સતત શીખવાના પરિણામ સાથે મેળ ખાતું હોવું જરૂરી છે.

★ લક્ષ્ય:-

પાયાની સાક્ષરતા બાલવાટિકાથી ધોરણ-3 સુધીનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. Pre-school થી ધોરણ -3 સુધી અધ્યયન નિષ્પતિઓ બાળકના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવા માટે સર્વગ્રાહી પ્રગતિ કાર્ડ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે.

★ ક્ષમતા આધારિત શિક્ષણ અને સંકલ્પના:-

આમાં 11 મિનિટનો વિડિયો બતાવવામાં આવ્યો, જેમાં સુનીતિ સનવાલ મેડમે તેની સમજ આપી તથા શ્રીમતી જ્યોતિકાન્ત પ્રસાદ, શ્રીમતી સ્વાતિ મેડમે ક્ષમતા આધારિત શિક્ષણની સંકલ્પના હિન્દીમાં સમજ આપી.

☯ <u>પ્રવૃત્તિ- ૨ : જાતે કરો</u> ☯

જેમાં વિદ્યાર્થીઓની પ્રગતિ ચકાસવા માટે અધ્યયન નિષ્પતિઓ નો ઉપયોગ કરી ફાયદા-ગેરફાયદા શું છે? તેમાં વિચારો રજુ કરવાના હતા.

☯ <u>પ્રવૃત્તિ- 3 : તમારી સમજ ચકાસો</u> ☯

આમાં આપેલા વિધાનો સાચા છે કે ખોટા તે ચકાસવાનું હતું.

☯ <u>પ્રવૃત્તિ- ૪ : જાતે કરો</u> ☯

જેમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન માટે અધ્યયન નિષ્પત્તિઓ અને લક્ષ્ય / લક્ષ્યાંકોની યાદી બનાવવાની હતી.

★ ક્ષમતા આધારિત શિક્ષણ:-

આપણે ક્ષમતા આધારિત શિક્ષણ પદ્ધતિ તરફ પ્રયાણ કરવું જોઇએ. તેની વિસ્તૃત સમજ આપી હતી. જેમાં વાલીઓને ક્ષમતા આધારિત શિક્ષણ તરફ લઈ જવા માટે ક્યાં પગલા સુચવશો તે ચિંતન કરવાનું કહ્યું હતું.

★ ભારતમાં ક્ષમતા આધારિત શિક્ષણ તરફ પ્રયાણ:-

RTE એક્ટ -2009 માં 20 ફેબ્રુઆરી 2017 ના રોજ સુધારો કરીને અધ્યયન નિષ્પત્તિઓ નો સમાવેશ કરવામાં આવ્યો. આ અધ્યયન નિષ્પતિઓ શિક્ષકો અને લાભાર્થીઓ માટે શીખવા અને શીખવાની પ્રક્રિયા ને વધુ સક્રિય બનાવવાના માર્ગદર્શક બિંદુ તરીકે કાર્ય કરે છે.

☯ <u>પ્રવૃત્તિ- ૫ : તમારી સમજ ચકાસો</u> ☯

જેમાં ભારતમાં ક્ષમતા આધારિત શિક્ષણ માટે ત્રણ સક્ષમ શરતો કઈ છે? એ પ્રશ્ન પૂછવામાં આવ્યો.

★ પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન નું **FLN** માળખું:-

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 દર્શાવે છે કે ભારતમાં લગભગ પાંચ કરોડ બાળકો પાયાની સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન પ્રાપ્ત કરી શક્યા નથી. માટે આ એક માળખું વિકસાવવામાં આવ્યું છે જે ક્રમશઃ 3 થી 9 વર્ષ સુધી શીખવવાના પરિણામોને વ્યાખ્યાયિત કરે છે.

★ ત્રણ વિકાસ લક્ષી લક્ષ્યાંકો:-

1. લક્ષાંક 1 -બાળકો સારુ આરોગ્ય અને સુખાકારી જાળવે.
2. લક્ષાંક 2 -બાળકો અસરકારક પ્રત્યાયન કરનાર બને અને

3. લક્ષાંક 3 -બાળકો અધ્યયનમાં સામેલ થાય અને તેમના સમકાલીન ભાવાવરણ સાથે જોડાય.

ત્યારબાદ ત્રણેય લક્ષણોની વિસ્તૃત સમજ આપી હતી તે વાંચી

☯ પ્રવૃત્તિ- ૬ : તમારી સમજ ચકાસો ☯

તેમાં એક્ટિવિટી પેજ પર આપેલ લીંક ઓપન કરી તેમાં પોતાના પ્રતિભાવ આપવાના હતા. જે આપ્યા.

અધ્યયન નિષ્પત્તિઓ ને સમજવા માટેનું 18 મિનિટ નો વિડીયો હિન્દીમાં આપ્યો હતો. જેની સુનીતિ સનવાલ મેડમે સમજ આપી હતી.

★ સારાંશ:-

સારાંશમાં ક્ષમતા આધારિત શિક્ષણ અને અધ્યયન નિષ્પતિઓ ની આકૃતિ આપેલી હતી.

★ પોર્ટફોલિયો પ્રવૃત્તિ:-

portfolio પ્રવૃત્તિ જેમાં અધ્યયન નિષ્પતિઓ ના આધારે તમારી પસંદગીના કોઈપણ વર્ક માટે એક સપ્તાહની યોજના તૈયાર કરવાની આપી હતી.

★ વધારાના સ્રોતો:- જેમાં NCERT અને UNESCO દ્વારા ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા સાઈટની લીંક આપી હતી. જેની નોંધ કરી.

★ મૂલ્યાંકન:-

છેલ્લે મૂલ્યાંકનમાં 20 પ્રશ્નોની પ્રશ્નોત્તરી હતી તેના જવાબો આપ્યા.